# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-10-2023** **Evening : 7.10 to 7.20**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા

પ્રાદેશિક સમાચાર **અર્પિંશા રાજપુરોહિત** વાંચે છે.

---

- વાયબ્રન્ટ ગુજરાત વૈશ્વિક રોકાણકાર પરિષદના સંદર્ભમાં આજે દિલ્હીમાં ખાસ કર્ટેન રેઇઝર કાર્યક્રમ યોજાઇ ગયો..
- રાજ્યમાં આગામી 27મી ઓક્ટોબરથી આગામી નવમી ડિસેમ્બર દરમિયાન મતદાર યાદી સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ યોજાશે.
- રાજ્ય સરકારે ગુજરાતમાં કુલ ૧૫૦ કડીયાનાકાઓ પર નવા ભોજન વિતરણ કેન્દ્રો શરૂ કરવાનો નિર્ણય લીધો છે.
- ગુજરાતની 11 જાહેર યુનિવર્સીટીઓમાં આગામી ૯મી ઓક્ટોબરથી ગુજરાત પબ્લીક યુનિવર્સીટી અધિનિયમની જોગવાઇઓ લાગુ..
- ભારતીય રિઝર્વ બેન્કે રેપોરેટ સાડા છ ટકા જાળવી રાખવાનો નિર્ણય લીધો છે..
- રાજ્યના અજયકુમારે નેપાળમાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય એથ્લેટીક્સ રમત સ્પર્ધામાં 800 મીટરની દોડમાં રજત ચંદ્રક જીત્યો છે.

-----------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)\

## VIBRANT SUMMIT 20 YEARS

વાયબ્રન્ટ ગુજરાત વૈશ્વિક રોકાણકાર પરિષદને 20 વર્ષ પૂર્ણ થયા છે એ નિમિત્તે યોજાઇ રહેલા વિવિધ કાર્યક્રમો અંતર્ગત આજે દિલ્હીમાં ખાસ કર્ટેન રેઇઝર કાર્યક્રમ યોજાયો..

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતની વેપાર ઉદ્યોગ ક્ષેત્રની સફળ વિકાસ ગાથાનો પરિચય આપીને દેશના અગ્રણી ઉદ્યોગ સંચાલકોને વાઇબ્રન્ટ સમિટમાં સહભાગી થવા અને ગુજરાતમાં રોકાણો કરવાનું આમંત્રણ આપ્યું છે.

મુખ્યમંત્રીએ ગિફ્ટ સિટી- ધોલેરા SIR - ગ્રીનફિલ્ડ પોર્ટ્સ - ડ્રીમ સિટી - અમદાવાદ મુંબઈ હાઇસ્પીડ રેલ પ્રોજેક્ટ જેવા મહત્વના પ્રોજેક્ટ્સની વિગતો આપીને વિકસિત ભારતનું લક્ષ્ય સિધ્ધ કરવા ગુજરાત સજ્જ હોવાનું જણાવ્યું હતું. વધુમાં મુખ્યમંત્રીએ કહ્યું કે,

### (બાઇટ- સીએમ)

વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના પૂર્વાર્ધ રૂપે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે દિલ્હીમાં 13 જેટલા અગ્રણી ઉદ્યોગકારો અને રોકાણકારો સાથે કરેલી મંત્રણા દરમિયાન શ્રી કીમે ગુજરાતમાં પ્લાન્ટ શરૂ કરવાની તત્પરતા દર્શાવી હતી.

. . . . . . . . . . . . . . . . .

## MATDAR YADI SUDHARNA

રાજ્યમાં આગામી 27મી ઓક્ટોબરથી આગામી નવમી ડિસેમ્બર દરમિયાન મતદાર યાદી સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ યોજાશે. ચૂંટણી પંચની યાદીમાં જણાવ્યા મુજબ, નવેમ્બરના પહેલા અઠવાડિયામાં બે દિવસ અને ત્યારબાદ બીજી અને ત્રીજી ડિસેમ્બરે ખાસ ઝુંબેશ યોજાશે. એ દિવસે બુથ લેવલ ઓફિસર સવારના 10થી સાંજના પાંચ વાગ્યા સુધી બુથ ઉપર ઉપસ્થિત રહેશે. નાગરિકો આ સમયમાં મતદાર યાદી જોઇ શકશે તેમજ મતદાર યાદીમાં સુધારા વધારા કરવા જરૂરી ફોર્મ આપી શકશે.

આગામી 26 ડિસેમ્બર સુધીમાં અરજીઓનો નિકાલ કરાશે અને પાંચમી જાન્યુઆરી 2024ના રોજ આખરી મતદાર યાદી જાહેર કરાશે. આ કાર્યક્રમમાં પારદર્શિતા જળવાય તે માટે જીલ્લા સ્તરે ચૂંટણી અધિકારીઓ દ્વારા રાજકીય પક્ષોને માહિતી અપાશે તેમજ મુસદ્દા મતદાર યાદી અને આખરી મતદાન યાદીની સોફ્ટ કોપી રાજકીય પક્ષોને અપાશે.

લોકસભાની આગામી ચૂંટણી માટે ભૂલ વિનાની મતદાર યાદી તૈયાર કરવા તેમજ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંગે માર્ગદર્શન આપવા મુખ્ય ચૂંટણી અધિકારી પી.ભારતી દ્વારા રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાના માન્ય પક્ષોના પ્રતિનિધીઓ સાથે અમદાવાદમાં બેઠક યોજાઇ ગઇ.

. . . . . . . . . . . . . . . . .

**VIBRANT DANG**

વાયબ્રન્ટ ગુજરાત- વાયબ્રન્ટ ડાંગ કાર્યક્રમ ડાંગમાં 19 કરોડના સમજૂતી કરાર થયા છે. જીલ્લા પ્રભારી મંત્રી કુવરજી હળપતિના અધ્યક્ષસ્થાને આ કાર્યક્રમ યોજાયો.

અમારા ડાંગ જીલ્લાના પ્રતિનિધી મુનિરા શેખ જણાવે છે કે, આ સમજૂતી કરારમાં શક્તિ ફાઉન્ડેશન-સુરત દ્વારા અન્ન સંસ્કરણ ક્ષેત્રે અંદાજિત 62 લાખ રૂપિયા અને કૃષિ ક્ષેત્રે સજીવન સિડ પ્રાઈવેટ લિ. દ્વારા 1 કરોડ 20 લાખ રૂપિયાના બે પ્રોજેકટ તેમજ હીર ગ્લોબલ એગ્રીટેક કોલોબરેશન પ્રા.લિ. દ્વારા ડાંગના ત્રણેય તાલુકાઓ માટે પાંચ-પાંચ કરોડ ઉપરાંત, અન્ય કંપનીઓના સવા બે કરોડ રૂપિયાથી વધુના સમજૂતી કરાર કરવામાં આવ્યા છે.

ડાંગના સ્થાનિક ઉત્પાદનો, બનાવટો સહિત પ્રવાસન ક્ષેત્રમાં રહેલી વિપુલ તકોનો લાભ લેવા મંત્રી કુવરજી હળપતિએ અપીલ કરી હતી. આ તકે, વિવિધ યોજનાકીય લાભાર્થીઓને ચેક અને સાધન સહાયનું પણ વિતરણ કરાયું.

. . . . . . . . . . . . . . . .

## SHRAMIK KENDRA

રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૩-૨૪ના અંત સુધીમાં ગુજરાતમાં કુલ ૧૫૦ કડીયાનાકાઓ પર નવા ભોજન વિતરણ કેન્દ્રો શરૂ કરવાનો નિર્ણય લીધો છે. નવા કેન્દ્રો દ્વારા દરરોજ અંદાજે ૨૫ હજાર કરતાં વધુ શ્રમયોગીઓને

યોજનાનો લાભ મળશે. આ માટે ચાલુ વર્ષના અંદાજપત્રમાં 51 કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

રાજ્યમાં અત્યારે ૧૦ જિલ્લામાં કુલ ૧૧૮ કડિયાનાકાઓ ખાતે આ ભોજન વિતરણ કેન્દ્રો કાર્યરત છે. આ ઉપરાંત જે બાંધકામ સ્થળ ખાતે ૫૦થી વધુ શ્રમિકો હોય તેવી બાંધકામ સાઈટ પર જઈને સ્થળ ઉપર જ માત્ર પાંચ રૂપિયાના પૌષ્ટિક ભોજન વિતરણ કરવામાં આવે છે. શ્રમિક અન્નપૂર્ણા યોજના શરુ થઇ ત્યારથી લઇ વર્ષ ૨૦૨૦ સુધીમાં કુલ ૧ કરોડથી વધુ શ્રમિકોને ભોજન વિતરણ કરવામાં આવ્યું છે.

. . . . . . . . . . . . . . . . .

## UNI. RUSHIKESH PATEL

રાજ્ય સરકારે ગુજરાતની 11 જાહેર યુનિવર્સીટીઓમાં આગામી 9મી ઓક્ટોબરથી ગુજરાત પબ્લીક યુનિવર્સીટી અધિનિયમની જોગવાઇઓ લાગુ કરવાનો નિર્ણય લીધો છે.

ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, આ જોગવાઇઓથી 11 પબ્લીક યુનિવર્સીટીની સ્વાયતતા, ગુણવત્તા અને સંચાલન શક્તિમાં વધારો થશે. યુનિવર્સીટીના કુલપતિની ટર્મ પાંચ વર્ષની રહેશે. એક ટર્મ પૂર્ણ થયા બાદ અન્ય યુનિવર્સીટીના કુલપતિ તરીકે પાંચ વર્ષ ફરી વખત નિમણૂંક કરી શકાશે.

નવા અધિનિયમના અમલથી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં થયેલા સૂચનો વધુ અસરકારક રીતે અમલમાં મૂકી શકાશે. શ્રી પટેલે જણાવ્યું હતું કે, નવા અધિનિયમમાં કોલેજના અધ્યાપકો, આચાર્યો, યુનિવર્સીટીના પ્રોફેસરોની નિમણૂંકમાં ૩૩ ટકા મહિલા સભ્યોની જોગવાઇ છે.

યુનિવર્સીટી પોતાના સક્ષમ સત્તામંડળની મંજૂરીથી નવા કોર્સ, નવા પોગ્રામ શરૂ કરવા સ્વાયત રહેશે. એવી જ રીતે એક્સટર્નલ વિદ્યાર્થીઓને પદવી આપી શકશે તથા ઓનલાઇન કોર્સ તૈયાર કરી શકશે. આ અધિનિયમના લીધે 11 યુનિવર્સીટીમાં પ્રવેશ, અભ્યાસ અને પરીક્ષા પધ્ધતિમાં એકસૂત્રતા આવશે.

. . . . . . . . . . . . . . . . .

## AAKASHVANI BETHAK

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલયના અધિક સચિવ નીરજા શેખરે આજે આકાશવાણી અમદાવાદની મુલાકાત લીધી. તેમણે આકાશવાણીના વિવિધ વિભાગોની રૂબરૂ મુલાકાત લઇ એમની કામગીરીની માહિતી મેળવી, માર્ગદર્શન આપ્યું હતું. સુશ્રી શેખરે આકાશવાણીના અધિકારી અને કર્મચારીઓ સાથે યોજાયેલી બેઠકમાં દરેક વિભાગોના પડતર પ્રશ્નો અને આગામી રોડમેપ અંગે અધિકારીઓ, કર્મચારીઓ પાસેથી સલાહસૂચન મેળવ્યા હતા.

આ બેઠક દરમિયાન વિવિધ વિભાગો દ્વારા સ્વચ્છતા, શિક્ષણ ઉપરાંત માહિતી અને મનોરંજનના ક્ષેત્રે લેવાયેલા વિવિધ પગલાઓ અંગે તેમને

માહિતગાર કરવામાં આવ્યા હતા. બેઠક બાદ સુશ્રી નીરજા શેખરે આકાશવાણી પરિસરમાં વૃક્ષારોપણ પણ કર્યું હતું.

આ પ્રસંગે કાર્યાલય અધ્યક્ષ એન.એલ. ચૌહાણ, પ્રાદેશિક સમાચાર વિભાગના પ્રમુખ ભરત દેવમણિ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . . . . . .

## RBI

ભારતીય રિઝર્વ બેન્કે રેપોરેટ સાડા છ ટકા જાળવી રાખવાનો નિર્ણય લીધો છે. રિઝર્વ બેન્કના ગવર્નર શક્તિકાંત દાસે આજે મુંબઇમાં નાણાંનિતી સમિતિની બેઠક બાદ જણાવ્યું હતું કે, સ્ટેન્ડિંગ ડીપોઝીટ ફેસીલીટી રેટ સવા છ ટકા અને બેન્ક રેટ પોણા સાત ટકા રહેશે.

શ્રી દાસે કહ્યું કે, બૃહદ આર્થિક અને નાણાંકિય ઘટનાક્રમને ધ્યાનમાં લઇને નાણાંનીતી સમિતિએ સર્વાનુમતે રેપોરેટ સતત ચોથી વખત યથાવત રાખવાનો નિર્ણય લીધો છે. આરબીઆઇએ વાસ્તવિક વિકાસદર બીજા ત્રિમાસિક સમયગાળા માટે સાડા છ ટકા, ત્રીજા ત્રિમાસિક સમયગાળા માટે છ ટકા, અને ચોથા ત્રિમાસિક સમયગાળા માટે 5.7 ટકા અંદાજ્યો છે.

. . . . . . . . . . . . . . . . .

## MEHSANA- MEDAL

મહેસાણાની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી અજયકુમારે 17 વર્ષથી ઓછી વયજૂથની 800 મીટરની દોડ સ્પર્ધામાં રજત ચંદ્રક જીત્યો છે. નેપાળના પોખરા ખાતે યોજાયેલ 6ઠ્ઠા આંતરરાષ્ટ્રીય રમતોત્સવમાં  આંતરરાષ્ટ્રીય એથ્લેટીક્સ રમત સ્પર્ધામાં અજયે આ ચંદ્રક જીત્યો હતો.

. . . . . . . . . . . . . . . . .

# SANKALP SPTAH

રાજ્યભરમાં થઈ રહેલી સંકલ્પ સપ્તાહની ઉજવણી અંતર્ગત વિવિધ સ્થળોએ કૃષિ મેળાઓનું આયોજન કરવામાં આવ્યું છે. ખાસ કરીને આ કાર્યક્રમોમાં બરછટ ધાન્યના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો છે.

કૃષિ વિભાગ દમણ દ્વારા કચીગામમાં સરકારી કૃષિ ફાર્મ ખાતે કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું. કૃષિ વિભાગના નિયામક શિવમ ટેઓતિયાએ વધુમાં આ મુજબ જણાવ્યું...

**(બાઇટ- શિવમ ટેઓતિયા- કૃષિ નિયામક)**

પંચમહાલના ઘોઘંબા તાલુકાના દેવની મુવાડી ખાતે કાલોલ ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણની અધ્યક્ષતામાં યોજાયેલા કૃષિ મેળામાં તેમણે ખેડૂતોને રસાયણોથી થતા રોગોથી બચવા માટે પ્રાકૃતિક ખેતી તરફ વળવા માટે આહવાન કર્યું હતું.

કચ્છના રાપરના જિલ્લા ખેતીવાડી વિભાગ દ્વારા બરછટ ધાન્યને વધુ પ્રાધાન્ય આપતા ખેડૂતોને વાવેતર વિસ્તાર વધારવા પ્રેરણા મળે

અને તેમની આવકમાં વધારો થાય તે હેતુથી તાલુકા કક્ષાનો કૃષિ મેળો યોજાયો.

. . . . . . . . . . . . . . . . .

## BAHUCHRAJI MANDIR- NORTA

શક્તિ અને આરાધનાનું પર્વ નવરાત્રી નજીક છે ત્યારે યાત્રાધામ બહુચરાજી ખાતે આવેલા માં બહુચરના મંદિરે આ વર્ષે પણ ઉત્સાહ સાથે નવરાત્રીની ઉજવણી કરવામાં આવશે.

અમારા મહેસાણાના પ્રતિનિધી જયંતિ ચૌધરીએ જણાવ્યા છે કે, નોરતા દરમ્યાન મંદિરના ચાચર ચોકમાં “નવરાત્રી મહોત્સવ” યોજાશે. મંદિરમાં પ્રથમ દિવસે શાસ્ત્રોક્ત રીતે વિધિવત ઘટ સ્થાપન કરવામાં આવશે. 20 મી ઓક્ટોબરે શતચંડી યજ્ઞ થશે. નવ દિવસ મંદિરને રોશનીથી શણગારવા આવશે. ભક્તો સૂર અને ગરબાના તાલે નવરાત્રીની ભાવપૂર્વક ઉજવણીમાં જોડાશે.

. . . . . . . . . . . . . . . . .